સયાજી હોસ્પિટલની સંવેદનહીનતા, થોડા દિવસ પહેલા મુકાયેલા કૂલર એક જ અઠવાડિયામાં બંધ

એક્સરે વિભાગ પેસેજમાં દર્દી અને સગા ગરમીમાં શેકાયા

મીડિયાની હાજરીથી સફાળા જાગેલા વહીવટી તંત્રે તાબડતોબ કૂલર ચાલુ કરાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી સયાજી હોસ્પિટલ ફરી એકવાર દર્દીઓ પ્રત્યેની પોતાની ઘોર બેદરકારી અને આળસુ વહીવટી તંત્રને કારણે ચર્ચામાં આવી છે. કાળઝાળ ગરમીમાં દર્દીઓને સુવિધા આપવાના દાવાઓ વચ્ચે હોસ્પિટલ પ્રશાસનની ગંભીર સંવેદનહીનતાનો પર્દાફાશ થયો છે. 'ગુજરાતમિત્ર' દ્વારા કરવામાં આવેલા રિયાલિટી ચેકમાં હોસ્પિટલ તંત્રની 'કાગળ પરની સુવિધા' અને 'દેખાડાની નીતિ' ખુલ્લી પડી ગઈ છે. કેમેરો ખુલતા જ તંત્રમાં ફફડાટ, બંધ કૂલર અચાનક ચાલુ થયા ! જે કૂલર દર્દીઓને ઠંડક આપવા માટે મુકાયા હતા, તે શોભાના ગાંઠિયા સમાન બંધ હાલતમાં પડ્યા હતા. હોસ્પિટલના પેસેજમાં ગરમીનો પારો આસમાને હતો અને દર્દીઓ પરસેવે રેબઝેબ હતા. કેટલાક દર્દીઓને તો એમના સ્વજનો દ્વારા પોતાની પાસે રહેલી મેડિકલ ફાઈલ દ્વારા પવન નાખીને ઠંડક આપતા કેમેરામાં કેદ થયાં હતાં. જ્યારે સ્વજનો પોતાની પાસે રહેલાં હાથ રૂમાલ વડે પવન ખાઈને ઠંડક લેતાં નજરે પડ્યાં હતાં. જ્યારે 'ગુજરાતમિત્ર'ની ટીમે આ બંધ કૂલર અને દર્દીઓની હાલાકીને પોતાના કેમેરામાં કેદ કરવાનું શરૂ કર્યું, ત્યારે હોસ્પિટલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

મીડિયાનો કેમેરો જોઈને સફાળા જાગેલા કર્મચારીઓ અને જવાબદારો તાત્કાલિક દોડતા આવ્યા હતા અને જે કૂલર કલાકોથી બંધ હતા, તેને ગણતરીની મિનિટોમાં ચાલુ કરી દેવામાં આવ્યા હતા. જો કે, ત્યાં સુધીમાં તંત્રની બેદરકારી કેમેરામાં આબાદ ઝડપાઈ ચૂકી હતી.

થોડા દિવસ સારું રહ્યું અને ફરી એજ સ્થિતિ

✦સયાજી હોસ્પિટલના તાત્કાલિક વિભાગ પાસે આવેલા સીટી સ્કેન, સોનોગ્રાફી અને એક્સ-રે વિભાગના પેસેજમાં પંખાની અપૂરતી વ્યવસ્થાને કારણે દર્દીઓ અને તેમના લાચાર પરિવારજનો અસહ્ય ગરમીમાં શેકાઈ રહ્યા હતા. આ અંગે 'ગુજરાતમિત્ર'માં વિગતવાર અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

14 મે 2026 (ગુરૂવાર) :- અહેવાલની જોરદાર અસર જોવા મળી. જાગેલા હોસ્પિટલ તંત્રે પોતાની આબરૂ બચાવવા માટે તાબડતોબ એ જ પેસેજમાં મોટા એર કૂલર ગોઠવી દીધા, જેથી દર્દીઓને ગરમીથી રાહત મળી શકે.

20 મે 2026 (બુધવાર - બરાબર એક અઠવાડિયા પછી) :- હોસ્પિટલ તંત્ર ખરેખર દર્દીઓની ચિંતા કરે છે કે માત્ર દેખાડો ? તે જાણવા માટે 'ગુજરાતમિત્ર'ના રિપોર્ટર દ્વારા ગ્રાઉન્ડ ઝીરો પર 'રિયાલિટી ચેક' કરવામાં આવ્યું.

દર્દીઓના સગાંઓનો આક્રોશ, ₹આ કેવી વ્યવસ્થા ?₹ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા દર્દીઓના સગાંઓએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, ₹અહીં અસહ્ય ગરમી છે. પંખાઓ પૂરતી હવા આપતા નથી. કૂલર મુક્યા છે પણ તે બંધ રાખવામાં આવે છે. જ્યારે કોઈ મોટા સાહેબ કે મીડિયાવાળા આવે ત્યારે જ આ કૂલર ચાલુ થાય છે. ગરીબ દર્દીઓની પીડા જોનારું કોઈ નથી.

વડોદરા પાલિકાની ઘોર અસંવેદનશીલતા

TP-13માં કોમન પ્લોટમાં શિવલિંગ ઉપર ફેરવી દેવાયું VMCનું બુલડોઝર

સ્થાનિકોએ આક્રોશ સાથે કહ્યું 'તંત્રની આ બર્બરતા જોઈ મુઘલ શાસનની યાદ તાજી થઈ ગઈ'

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
શહેરમાં દબાણ હટાવવાની ઝુંબેશ હેઠળ વડોદરા મહાનગરપાલિકા દ્વારા વધુ એક વિવાદાસ્પદ અને ધાર્મિક લાગણી દુભાવતી કાર્યવાહી સામે આવી છે. વડોદરાના ટીપી 13 વિસ્તારમાં આવેલી આનંદદીપ સોસાયટીના કોમન પ્લોટમાં સ્થાપિત કરવામાં આવેલા પવિત્ર શિવલિંગને કોર્પોરેશનના જેસીબી મશીન દ્વારા નિર્દયતાપૂર્વક તોડી પાડવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ છે. આસ્થાના કેન્દ્ર સમાન ધાર્મિક સ્થળ પર પાલિકાનું બુલડોઝર ફરી વળતા સ્થાનિક રહીશોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને તંત્ર સામે ઉગ્ર નારેબાજી કરી હતી.

આનંદદીપ સોસાયટીના રહીશો દ્વારા સોસાયટીના જ કોમન પ્લોટમાં શ્રદ્ધાપૂર્વક આ શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી, જ્યાં રોજ સવાર-સાંજ સ્થાનિક લોકો પૂજા-અર્ચના કરતા હતા. જો કે, મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ અચાનક જેસીબી અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે ધસી આવી હતી. સ્થાનિક રહીશો કશું સમજે તે પહેલાં જ કોર્પોરેશનના અધિકારીઓએ કોમન પ્લોટમાં બનેલા ધાર્મિક માળખા અને શિવલિંગ પર જેસીબી ફેરવી દીધું હતું. પવિત્ર શિવલિંગને આ પ્રકારે તોડી પાડવામાં આવતા સોસાયટીની મહિલાઓ અને વડીલો ભાવુક થઈ ગયા હતા. પાલિકાની આ આક્રમક અને અસંવેદનશીલ કામગીરીને પગલે સ્થાનિક રહીશોમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. રોષે ભરાયેલા સ્થાનિકોએ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, ₹અમારા આસ્થાના કેન્દ્રને કોઈ પણ આગોતરી નોટિસ આપ્યા વિના કે ધાર્મિક સન્માન જાળવ્યા વિના તોડી પાડવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળ જીતની ખુશીમાં ઉજવણી ભાજપ કાઉન્સિલરોનું સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
વડોદરાના ખોડીયાર નગર વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની જીતના આનંદ પ્રસંગે ભવ્ય ઉજવણી યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સામાજિક અગ્રણી સન્મુખ જ્ઞાનચંદાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્કારી નગરી વડોદરાના ખોડીયાર નગર ચાર રસ્તા સ્થિત સાકેત ફ્લેટ ખાતે ભારતીય જનતા પાર્ટીની જીતના આનંદ પ્રસંગે ભવ્ય ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સામાજિક અગ્રણી સન્મુખ જ્ઞાનચંદાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કેક કટિંગ કરી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના કાઉન્સિલરોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નંબર 6ના કોર્પોરેટર રણજીતભાઈ રાજપુત, પવન હેમનાણી, ધરતીબેન સોની, અનિતાબેન વીરપુરા તેમજ વોર્ડ નંબર 13ના મહિલા કોર્પોરેટર નિધિ પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ સુરેશભાઈ શર્મા તથા સાકેત ફ્લેટના મોટી સંખ્યામાં રહેવાસીઓ હાજર રહી કાર્યક્રમને ભવ્યતા આપી હતી. કાર્યક્રમ દરમિયાન ભાજપની જીતને લઈ આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તાળીઓના ગડગડાટ, શુભેચ્છાઓ અને ઉત્સાહભર્યા માહોલ વચ્ચે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

તા.૨૯મી મે થી ૦૩ જુન સુધી સંતુલિત જીવનશૈલી વિશે એક ખાસ શિબિર

(પ્રતિનિધિ) વડોદરા તા.19
વડોદરા જિલ્લાના નવલખી ગ્રાઉન્ડ ખાતે આગામી તા.29 મે થી 03 જૂન દરમિયાન સંકુલ હ્યુમન ફાઉન્ડેશન દ્વારા એક નવા દ્રષ્ટિકોણ સાથે વિશેષ આરોગ્ય અને જીવનશૈલી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરરોજ સવારે 05.30 થી 07.30 વાગ્યા સુધી યોજાશે, જેમાં સંતુલિત અને સ્વસ્થ જીવન જીવવાના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

શિબિરમાં સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, યોગ, માનસિક સ્વાસ્થ્ય તેમજ સકારાત્મક વિચારસરણી જેવી બાબતો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાશે. આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા ઈચ્છુક લોકોમાં શિબિરને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં લોકોએ નોંધણી કરાવી છે. વધુમાં વધુ નાગરિકો આ શિબિરનો લાભ લે તે માટે જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જાહેર અપીલ કરી છે.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગુનો ડિટેક્ટ કરી રૂ.1.24 લાખનો મુદ્દામાલ રીકવર

સિનિયર સિટીઝનને છરી બતાવી સોનાની વીંટીઓ લૂંટનાર બે આરોપી ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
તાજેતરમાં આનંદનગર ચાર રસ્તા પાસે વહેલી સવારે એક સિનિયર સિટીઝન નાગરિક ચાલવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન એક્ટીવા મોપેડ પર આવેલા બે શખ્સોએ તેમને છરી બતાવી ડરાવી તેમના હાથમાં પહેરેલી અંદાજે દોઢ તોલા વજનની બે સોનાની વીંટીઓ લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસના આધારે આરોપીઓ સુધી પહોંચવાની કવાયત હાથ ધરી હતી. દરમીયાન ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે નંબર પ્લેટ વગરની એક્ટીવા પર ફરી રહેલા વિશાલ ગોપાલનાથ ભાટી અને કરણનાથ રાજુનાથ ભાટીને દરજીપુરા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. બંનેની તપાસ દરમિયાન તેમની પાસેથી રોકડા રૂ.64 હજાર અને બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમની પૂછપરછ કરતા બંનેએ જણાવ્યું હતું કે તેઓએ 18 મેના રોજ અમિતનગર સર્કલ નજીક ચાલતા વ્યક્તિને છરી બતાવી સોનાની વીંટીઓ લૂંટી હતી અને તે વીંટીઓ પોતાના ઓળખીતાને આપી બદલામાં રૂ.1.60 લાખ મેળવ્યા હતા. જેમાંથી બચેલી રકમ તેમની પાસેથી મળી આવી હતી.

ITI દશરથ ખાતે પ્રવેશસત્ર ૨૦૨૬ની પ્રક્રિયા શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
આઈ.ટી.આઈ. દશરથ ખાતે પ્રવેશસત્ર ૨૦૨૬માં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવા માટે સંસ્થાની મુલાકાત લેવી અથવા આઈ.ટી.આઈ. પ્રવેશ ફોર્મ ભરવા માટેની વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ પર આગામી તા.૨૩/૦૬/૨૦૨૬ સુધીમાં એડમીશનના પ્રવેશફોર્મ ભરવાના રહેશે. વધુ માહિતી માટે સંસ્થાની વેબસાઈટ https://itidashrath.gujarat.gov.in/ પર સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા દશરથ, વડોદરાના આચાર્ય દ્વારા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે ઈચ્છુ ઉમેદવારોએ આ અખબારી યાદી પર ધ્યાન આપી સત્વરે આપેલી વેબસાઈટ પર જઇ પોતાની ઉમેદવારો પ્રવેશ ફોર્મ માટે કામગીરી પ્રબળ બનાવે.

રીક્ષા અને ટુ વ્હીલર મોપેડ વચ્ચે ટક્કર, બે લોકો ઈજાગ્રસ્ત

તરસાલી-સુશેન રોડ પર બેફામ રીક્ષાચાલકે સર્જ્યો ગંભીર અકસ્માત

વારંવાર સર્જાતા અકસ્માતોને લઈ સ્થાનિકોની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18
વડોદરા શહેરમાં માર્ગ અકસ્માતોની વણઝાર અટકવાનું નામ નથી લઈ રહી. શહેરના તરસાલીથી સુશેન સર્કલ તરફ જતા માર્ગ પર આવેલ 'ઉનડદીપ કોમ્પ્લેક્સ' પાસે આજે ફરી એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવતા આ વિસ્તારના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. બેફામ અને નશામાં ધૂત રીક્ષાચાલકે સામેથી આવતા ટુ-વ્હીલરને ટક્કર મારતા બંને વાહનચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આજે તરસાલી-સુશેન રોડ પર એક રીક્ષાચાલક પૂરપાટ ઝડપે અને રોંગ સાઈડમાં વાહન હંકારી રહ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રીક્ષાચાલક નશાની હાલતમાં હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. ઉનડદીપ કોમ્પ્લેક્સ પાસે જ્યારે તે રોડ ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે અચાનક જ ટુ-વ્હીલર ચાલક સાથે રીક્ષાની ધડાકાભેર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને ભારે નુકશાન થયું હતું અને ચાલકો ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ઈમર્જન્સી સેવા 108 ની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી.

181 મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
વડોદરાના ખોડિયાર નગર સ્થિત BOB-RSETI મહિલા સ્વરોજગાર કેન્દ્ર ખાતે 181 અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલા જાગૃતિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓને સુરક્ષા, કાનૂની સહાય, માર્ગદર્શન અને સ્વરોજગાર અંગે જાગૃત કરવાનો હતો. સ્વરોજગાર કેન્દ્રમાં વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી આવતી મહિલાઓને જ્વેલરી બનાવટ, બ્યુટી પાર્લર, સિલાઈ કામ સહિતના વિવિધ તાલીમ કોર્સ બેચ પ્રમાણે શીખવવામાં આવે છે.

કાર્યક્રમ દરમિયાન અભયમ ટીમ દ્વારા મહિલાઓને ઘરેલું હિંસા, માનસિક તણાવ, જાતીય સતામણી, લગ્નજીવનના વિખવાદો, છેડતી તેમજ અન્ય મુશ્કેલ પરિસ્થિતિઓમાં 24 કલાક નિઃશુલ્ક મદદ અને માર્ગદર્શન અંગે માહિતી આપવામાં આવી હતી. ટીમ દ્વારામહિલાઓને 181 એપ્લિકેશન ડાઉનલોડ કરી તેનો ઉપયોગ સરળતાથી કેવી રીતે કરવો તે અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. મહિલાઓને સંકટ સમયે તાત્કાલિક સહાય મળી રહે અને તેઓ આત્મનિર્ભર તથા નિર્ભય બને તે માટે વિવિધ યોજનાઓ અને સહાયકારી માળખાની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન 35 દિવસના બ્યુટી પાર્લર કોર્સ પૂર્ણ કરનાર બહેનોને પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા BOB-RSETI વડોદરાના ડાયરેક્ટર રવીન્દ્રસિંહ તથા ફેકલ્ટી હેતલબેન પાદરીયાનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો.

તાપમાનમાં ઘટાડો, પારો 40.2 ડીગ્રી થતા ગરમીથી રાહત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
આગામી દિવસોમાં આંશિક ગરમી ઘટવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ત્યારે, બુધવારે શહેરનું મહતમ તાપમાન 40.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાનઃ 29.2 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે, હવામાં ભેજનું પ્રમાણ સવારે 64% અને સાંજે 31% નોંધાયું હતું. સૂર્યનારાયણના પ્રકોપના કારણે મોટાભાગના શહેરો અગનભઠ્ઠીમાં ફેરવાયા છે અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ સાથે આગામી દિવસોમાં આંશિક ગરમી ઘટવાની આગાહી હવામાન વિભાગે કરી છે. તો બીજી બાજુ હવામાન નિષ્ણાંતોએ રાજ્યમાં આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી સક્રિય થવાની આગાહી કરી. તેમના જણાવ્યા મુજબ 24 મે સુધી ગુજરાતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદી માહોલ સર્જાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસમાં ગુજરાતમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેશે.

પોલીસે યુવતી સહિત ચાર સામે ગુનો નોંધાયો

ઈલોરાપાર્ક પોલીસ ચોકીમાં નિવેદન આપવા માટે આવેલા યુવક પર હુમલો

પૈસા પરત આપી દેજે, નહીં તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી પણ અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરના ઈલોરાપાર્ક પોલીસ ચોકીમાં નિવેદન આપવા આવેલા યુવક પર યુવતી સહિત ચાર લોકોએ હુમલો કરી ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ કરાયેલી અરજીના અનુસંધાને નિવેદન આપવા ગયેલા યુવકને જાહેરમાં માર મારી ધમકાવવામાં આવતા ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના ગોરવા કરોડીયા રોડ પર આવેલી ઈશ્વર કૃપા સોસાયટીમાં રહેતા પાર્થ અશોકભાઈ રોહિતે ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગેંડા સર્કલ સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરે છે. અગાઉ અરજદાર ઉર્વશી જગદીશભાઈ નાઈ દ્વારા ગોરવા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. જેના અનુસંધાને પાર્થ રોહિતને ઈલોરાપાર્ક પોલીસ ચોકી ખાતે નિવેદન આપવા બોલાવવામાં આવ્યા હતા. પાર્થ તેમના મિત્રો અને પરિવારજનો સાથે ચોકી ખાતે હાજર હતા ત્યારે ઉર્વશી નાઈ ત્યાં આવી પહોંચી હતી. આ દરમિયાન તેણીએ ઉશ્કેરાઈ ગાળાગાળી કરી પાર્થને બે થી ત્રણ થપ્પડ મારી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ઉર્વશીએ પોતાના ઓળખીતાઓ મનીષ રાઠોડ, આશીફ ઉર્ફે મુચ્છડ અને અન્ય એક વ્યક્તિને બોલાવ્યા હતા. આરોપીઓએ પાર્થને "પૈસા પરત આપી દેજે, નહીં તો તને છોડીશું નહીં" કહી જાનથી મારી નાખવાની તેમજ ગોરવા વિસ્તારમાં રહેવું ભારે પડી જશે તેવી ધમકી આપી હતી. ચોકીમાં હંગામો વધતા પોલીસ સ્ટાફ તેમજ હાજર લોકો દોડી આવતા ચારેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આગામી ૨૬ મેના રોજ એનપીએસ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
ખેડૂતો, નાના વેપારીઓ તેમજ સ્વરોજગાર સાથે જોડાયેલા નાગરિકોને આર્થિક રીતે સશક્ત અને ભવિષ્ય માટે સુરક્ષિત બનાવવા હેતુસર પેન્શન ફંડ નિયમન અને વિકાસ પ્રાધિકરણ (PFRDA) તથા એસ.એલ.બી.સી. ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ આગામી તા.૨૬ મે-૨૦૨૬, મંગળવારે સવારે ૧૦:૩૦ વાગ્યે મેરિયટ હોટેલ, વડોદરા ખાતે યોજાશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (NPS) દ્વારા નાગરિકોને નિવૃત્તિ પછીની આર્થિક સુરક્ષા, નિયમિત આવક તથા દીર્ઘકાલીન રોકાણના મહત્વ અંગે માહિતગાર કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાતો વર્તમાન આર્થિક પરિસ્થિતિ, વધતી મોંઘવારી, અનિશ્ચિત આવકના સ્ત્રોતો તથા બદલાતી સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નાણાકીય આયોજન અને પેન્શન સુરક્ષાની આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન પણ આપવામાં આવશે. ખાસ કરીને ખેડૂતો અને નાના વેપારીઓની આવક હવામાન અને બજારની પરિસ્થિતિઓ, નિયમિત બચત અને પેન્શન યોજનાઓનું મહત્વ વિશેષરૂપે સમજાવવામાં આવશે. કાર્યક્રમમાં PFRDA ના અધિકારીઓ NPSમાં રોકાણના લાભો, વહેલી વયે રોકાણ શરૂ કરવાની ઉપયોગીતા, કર બચત, શિસ્તબદ્ધ રોકાણ પ્રક્રિયા તથા નિવૃત્તિ બાદ મળતી પેન્શન અંગે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરાશે. આ સાથે NPS જેવી યોજનાઓમાં નાની રકમથી રોકાણ શરૂ કરીને લાંબા ગાળામાં મજબૂત પેન્શન ફંડ તૈયાર કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ખેડૂત સંગઠનો, વેપારી સંગઠનો, સ્વરોજગાર સાથે જોડાયેલા લોકો તથા યુવાનોને ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં અનુરોધ કરાયો છે.

71 જેટલી દીકરીઓને પ્રત્યેક 2 હજારના ચેક આપવામાં આવ્યા

વડોદરાની દીકરી નિશિતા રાજપૂતનો સેવાયજ્ઞ, બેટી બચાવો બેટી પઢાવો અભિયાનનો પ્રારંભ

અભિયાનના માધ્યમથી અત્યાર સુધીમાં 57 હજારથી વધુ દીકરીઓની અંદાજે 6.54 કરોડ જેટલી ફી સીધી શાળાઓમાં ભરવામાં આવી છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.20
નિશિતા રાજપૂત દ્વારા વડોદરામાં દીકરીઓના શિક્ષણ અને મહિલા સશક્તિકરણ માટે ચાલી રહેલા બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનના 17 મા વર્ષના સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કમાટીબાગ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં જરૂરિયાતમંદ દીકરીઓને શૈક્ષણિક સહાય અર્પણ કરવામાં આવી હતી. સામાજિક સેવામાં 71 જેટલી દીકરીઓને પ્રત્યેક 2 હજારના ચેક આપવામાં આવ્યા હતા. સાથે જ શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન મળે તે હેતુથી સ્કૂલ બેગ અને વોટર બોટલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. દીકરીઓ અને તેમના પરિવારજનોમાં આ પ્રસંગે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. નિશિતા રાજપૂતે જણાવ્યું હતું કે, આ વર્ષે 10 હજાર જરૂરિયાતમંદ દીકરીઓની આશરે 1 કરોડ જેટલી શૈક્ષણિક ફી ભરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. છેલ્લા 16 વર્ષથી ચાલી રહેલા આ અભિયાનના માધ્યમથી અત્યાર સુધીમાં 57 હજારથી વધુ દીકરીઓની અંદાજે 6.54 કરોડ જેટલી ફી સીધી શાળાઓમાં ભરવામાં આવી છે. સમાજના દાતાઓ અને સહયોગીઓના સહકારથી આ અભિયાન સતત આગળ વધી રહ્યું છે અને અનેક દીકરીઓને શિક્ષણ દ્વારા આત્મનિર્ભર બનવાની તક મળી રહી છે.

વારસિયામાં દહેજ બાબતે પરીણીતાને ઘરમાંથી કાઢી મુકીવાની ધમકી

વડોદરા : વારસીયા વિસ્તારમાં રહેતી તમન્ના રાજકુમાર ગિડવાણીના લગ્ન પોતાના પતિ હિતેશ સેવકરામ સાથે થયા હતા. લગ્ન બાદથી જ સાસરી પક્ષ દ્વારા અવારનવાર દહેજની માંગણી કરવામાં આવતી હતી. દહેજ તથા ઘરકામ બાબતે મેણા-ટોણા મારી નાની નાની બાબતોમાં ઝઘડા કરવામાં આવતા હતા. મહિલાનિ પતિને ચઢામણી કરી તેમની સાથે ઝઘડા કરાવવામાં આવતો તેમજ ગાળો આપી અપમાનિત કરવામાં આવતી હતી. દીકરીના જન્મ બાદ પણ તેમની અને બાળકની યોગ્ય સંભાળ રાખવામાં આવી નહોતી સતત ત્રાસના કારણે મહિલા અને તેની દીકરીને પિયર રહેવા મજબૂર થવું પડ્યું હતું. વારસીયા પોલીસ સ્ટેશનમા પતિ સહિત સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN L65110TN2014PLC097792
નોંધાયેલી ઓફિસઃ - કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપટ, ચેન્નઈ-૬૦૦૦૩૧.
ફોનઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ | ફેક્સઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

ધ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળની નોટિસ

નીચે દર્શાવેલા લોનધારકો અને સહ-લોનધારકોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન મેળવી છે. નીચે ઉલ્લેખિત લોનધારકો અને સહ-લોનધારકોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને ખાતા અનિયમિત બન્યા હોવાથી, આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા ચૂકવવાપાત્ર થતી લેણી રકમો નીચે આપેલા કોષ્ટકમાં વિગતવાર વર્ણવેલ સંબંધિત જારી કરાયેલી નોટિસો મુજબ દર્શાવવામાં આવી છે અને સદર રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ થશે અને તે સંબંધિત તારીખોથી કરારબદ્ધ દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	લોનધારકો અને સહ-લોનધારકોના નામ	સેક્શન ૧૩ (૨) નોટિસની તારીખ	સેક્શન ૧૩ (૨) નોટિસ મુજબ બાકી લેણી રકમ
1	59853218	લોન અગેઇન્સ્ટ પ્રોપર્ટી	૧. જયેશભાઈ સોલંકી ૨. પુષ્પાબેન સોલંકી ૩. રમેશભાઈ સોલંકી	17.04.2026	INR 1,80,331.67/-

મિલકતનું સરનામુંઃ મોજે ગામઃ ચરણપુરા, તાલુકોઃ સાવલી, ગુજરાત-૩૯૧૭૭૦ના ગામતળની જમીનમાં આવેલ ગ્રામ પંચાયત મિલકત નં. ૧૨૧/૧ વાળું પાકું રહેણાંક મકાન, મિલકતનું ક્ષેત્રફળઃ ૮૦૦ ચોરસ ફૂટ, જેની ચતુર્દિશા આ મુજબ છે - પૂર્વઃ ભરતભાઈ પુંજાભાઈનું મકાન, પશ્ચિમઃ રમણભાઈ કાલાભાઈનું મકાન, ઉત્તરઃ રસ્તો, દક્ષિણઃ વાડો.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને ઉપરના કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ સંબંધિત તારીખોથી કરારબદ્ધ વ્યાજના દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે સહિતની રકમ આ પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા માટે જણાવવામાં આવે છે. તેમ કરવામાં નિષ્ફળ જશો તો, અધોસ્વાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) ની લેણી રકમની વસૂલાત માટે ઉપરોક્ત ગીરો મુકેલી મિલકત સામે સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને કલમ ૧૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવા માટે બંધાયેલા રહેશે. વધુમાં, સદર કાયદાની કલમ ૧૩ (૧૩) હેઠળ તમને વેચાણ/ભાડાપટ્ટે અથવા અન્ય કોઈ પણ રીતે સદર સુરક્ષિત અસ્કયામતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયું અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
તારીખઃ ૨૧.૦૫.૨૦૨૬
સ્થળઃ વડોદરા, ગુજરાત

यूको बैंक UCO BANK
(भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust
બીલ-વડોદરા શાખા : વાત્સલ્ય બિલ્ડીંગ, વિબ્ગ્યોર સ્કુલ પાસે, બિલ ક્રોસ રોડ, બિલ, વડોદરા-૩૯૧૪૧૦. • Email : bill@ucobank.co.in

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)
આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **યુકો બેંક, બીલ શાખા, વડોદરાના** અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૧૭.૦૩.૨૦૨૬ના રોજ શ્રી લાલજી જાદવભાઈ કટારીયા અને શ્રીમતી નિકિતા ગૌતતમભાઈ જોષીને** ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૧૬,૩૩,૬૮૪.૯૦/- (રૂા. સોળ લાખ તેત્રીસ હજાર છસો ચોર્યાસી અને નેવું પૈસા પુરા)** (તા. ૨૮.૦૨.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૮.૦૨.૨૦૨૬ થી ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૧૯.૦૫.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, બીલ વડોદરા શાખાની રકમ રૂા. ૧૬,૩૩,૬૮૪.૯૦/- (રૂા. સોળ લાખ તેત્રીસ હજાર છસો ચોર્યાસી અને નેવું પૈસા પુરા)** (તા. ૨૮.૦૨.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૮.૦૨.૨૦૨૬ ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેક્સન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે મિલકતનો ફલેટ નં. ઈ-૫૦૨, અંદર સ્કીમ આર્યા એલીગન્સ, રેવન્યુ સર્વે નં. ૬૧૩, બ્લોક નં. ૪૩૭, વિડા બીલ, ટી.પી. સ્કીમ નં. ૧, ફાઈનલ પ્લોટ નં. ૬૬, જમીનનો પ્રી-અપ્રુવડ મેપ મુજબ પ્લોટ નં. ૧૭, ક્ષેત્રફળ ૩૨૬૯ સ્કે. મીટર, ટાવર -એ, ફલેટ નં. ઈ-૫૦૨, જેનો કાર્પેટ એરીયા ૫૨.૯૩ સ્કે.મીટર અને બાલકોની નું ક્ષેત્રફળ ૨.૯૪ સ્કે. મીટર અને વોસ એરીયાનો ક્ષેત્રફળ ૨.૨૩ સ્કે. મીટર, સરખા ભાગનો રોડ અને કોમન પ્લોટનો ક્ષેત્રફળ ૨૩.૯૮ સ્કે.મીટર, ગામ-બીલ, સબ જિ. -વડોદરા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ-વડોદરા ખાતે આવેલ સ્થાવર મિલકત.
ચતુરસીમા : ● પુર્વે : કોમન દિવાલ ● દક્ષિણે : ખુલ્લી જગ્યા
● પશ્ચિમે : ઓ.ટી.એસ. લીફ્ટ અને ફ્લેટ નં. ઈ-૫૦૩
● ઉત્તરે : ઓ.ટી.એસ. લીફ્ટ અને ફ્લેટ નં. ઈ-૫૦૧

તારીખ : ૧૯.૦૫.૨૦૨૬
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)
સહી/- અધિકૃત અધિકારી, યુકો બેંક